ચાર ચાર સિસ્ટમ સક્રિય હોવાથી આગામી 48 કલાક રાજ્ય માટે અતિભારે

આજે પણ 13 જિલ્લામાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ

25મીએ પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં રેડ એલર્ટ

30મી જુલાઈ સુધી વરસાદની આગાહી, ત્યારબાદ વરસાદ ઘટશે

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા મેઘતાંડવે જનજીવનને અભૂતપૂર્વ રીતે ખોરવી નાખ્યું છે. પરંતુ પરિસ્થિતિ હજુ પણ કાબુમાં આવી નથી. ભારતીય હવામાન વિભાગે 24 જુલાઈએ દક્ષિણ અને મધ્ય ગુજરાતના 13 જિલ્લાઓમાં અત્યંતથી અતિભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરતાં આગામી 48 કલાક રાજ્ય માટે વધુ પડકારજનક રહેવાની ચેતવણી આપી છે.

હવામાન વિભાગ અનુસાર, વાતાવરણમાં મોન્સૂન ટ્રફ, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને શિયર ઝોન સક્રિય હોવાથી વરસાદી માહોલ યથાવત રહેશે. વિભાગ દ્વારા ૨૪ જુલાઈએ પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી તથા દમણ અને દાદરા-નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ' આપવામાં આવ્યું છે. જ્યારે ૨૫ જુલાઈએ ઉત્તર ગુજરાતના પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં અતિભારે વરસાદનું 'રેડ એલર્ટ' રહેશે. આગામી ૨૯ અને ૩૦ જુલાઈ સુધી સમગ્ર રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. તંત્ર દ્વારા ૨૪ જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા અને નીચાણવાળા વિસ્તારના લોકોને અફવાઓથી દૂર રહી સુરક્ષિત સ્થળે રહેવા અપીલ કરવામાં આવી છે. 24થી 27 જુલાઈ દરમિયાન ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી ભારે અને અનેક સ્થળોએ અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. 28થી 30 જુલાઈ દરમિયાન વરસાદની તીવ્રતા ધીમે ધીમે ઘટશે, પરંતુ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. માછીમારોને 24 જુલાઈ સુધી દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે.

દ.ગુ.માં પૂરની સ્થિતિની મુખ્યમંત્રી દ્વારા સમીક્ષા , મંત્રીઓ, સચિવો સાથે આર્મી તૈનાત કરવા આદેશ

છેલ્લા 24 કલાકમાં વલસાડના ઉમરગામમાં 36 ઈંચ અને છેલ્લા 48 કલાકમાં 41 ઈંચ વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યભરમાં ભારે વરસાદને કારણે અત્યાર સુધી 9,929 લોકોનું સલામત સ્થળાંતર અને 3,745 લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરથી સતત પરિસ્થિતિની સમીક્ષા કરીને દક્ષિણ ગુજરાતમાં મંત્રીઓ, વરિષ્ઠ સચિવો, NDRF, SDRF અને આર્મીની ટીમો તાત્કાલિક તૈનાત કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા 24 કલાકમાં 213 તાલુકાઓમાં સરેરાશ બે ઈંચ વરસાદ નોંધાયો

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, છેલ્લા 24 કલાક દરમિયાન ઝોનવાર વરસાદની વાત કરીએ તો દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 183.36 મીમી વરસાદ નોંધાયો છે. ત્યારબાદ સૌરાષ્ટ્રમાં 28.43 મીમી, મધ્ય-પૂર્વ ગુજરાતમાં 17.72 મીમી, ઉત્તર ગુજરાતમાં 7.22 મીમી અને કચ્છમાં માત્ર 0.26 મીમી વરસાદ નોંધાયો છે. પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યમાં 11 NDRF ટીમો, 30 SDRF પ્લાટૂન તથા વલસાડમાં આર્મીની બે ટીમો કાર્યરત છે. નવી દિલ્હી અને ઓડિશાથી વધારાની NDRF ટીમો પણ મોકલવામાં આવી રહી છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં 4 રાષ્ટ્રીય ધોરીમાર્ગ, 7 રાજ્ય ધોરીમાર્ગ અને પંચાયતના 1,100થી વધુ રસ્તાઓ સહિત કુલ આશરે 1,200 માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાયો છે. વીજ પુરવઠો પ્રભાવિત થયેલા 3,454 ગામોમાંથી 3,419 ગામોમાં સેવા ફરી શરૂ કરી દેવાઈ છે.

રાજ્યના 19 જિલ્લાઓમાં શાળા-કોલેજો બંધ

દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં અતિભારે વરસાદે સર્જેલી વિકટ પરિસ્થિતિને પગલે સમગ્ર રાજ્યનું વહીવટી તંત્ર હાઈ એલર્ટ મોડ પર મૂકવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના દાહોદ, પંચમહાલ, વડોદરા, નર્મદા, ભરૂચ, તાપી, ડાંગ અને વલસાડ જિલ્લાઓમાં અતિભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને સાવચેતીના ભાગરૂપે રાજ્ય સરકારે રેડ અને ઓરેન્જ એલર્ટ હેઠળના ૧૯ જિલ્લાઓમાં શાળા-કોલેજો બંધ રાખવાનો મોટો નિર્ણય લીધો છે. કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી અને રાહત કમિશનર ગૌરાંગ મકવાણાએ પત્રકાર પરિષદ યોજીને સમગ્ર પરિસ્થિતિ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી માટે ૨૫ જેટલી બોટ ફાળવવામાં આવી છે. અતિભારે વરસાદને કારણે રાજ્યમાં ૪ નેશનલ હાઈવે, ૭ સ્ટેટ હાઈવે અને પંચાયતના ૧૧૦૦થી વધુ મળીને કુલ ૧૨૦૦થી વધુ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયા છે.

પીએમ મોદીએ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વાત કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો

કુદરતી આફતની આ ઘડીમાં કેન્દ્ર સરકાર પણ સતત રાજ્યના સંપર્કમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરીને સ્થિતિનો ચિતાર મેળવ્યો છે, જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પોતે નવસારી પહોંચી સ્થાનિક સ્તરે કામગીરીનું નિરીક્ષણ કર્યું છે. બીજી તરફ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) થી મોનિટરિંગ હાથ ધરીને અસરગ્રસ્ત વિસ્તારોમાં મંત્રીઓ, વરિષ્ઠ સચિવો અને રાહત ટીમોને તાત્કાલિક ખડેપગે રહેવા આદેશ આપ્યા છે.

નર્સિંગ સહિત પેરામેડિકલ પ્રવેશ પ્રક્રિયામાં ફેરફાર, કાર્યક્રમ બાદમાં જાહેર થશે

ગાંધીનગરઃ રાજ્યના વિવિધ વિસ્તારોમાં પડી રહેલા અતિભારે વરસાદની અસર હવે નર્સિંગ, સહિતના પેરામેડિકલ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા પર પણ જોવા મળી છે. ભારે વરસાદને કારણે અનેક ઉમેદવારોને હેલ્પ સેન્ટર સુધી પહોંચવામાં મુશ્કેલી પડી રહી હોવાથી પ્રવેશ સમિતિએ પ્રમાણપત્રોની ચકાસણી માટેના કાર્યક્રમમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. સમિતિએ જણાવ્યું હતુ કે ટૂંક સમયમાં સુધારેલ કાર્યક્રમ સત્તાવાર વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે. પ્રવેશ સમિતિના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે નર્સિંગ, એલાઈડ હેલ્થકેર અને પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન નોંધણી કરાવી હેલ્પ સેન્ટર ખાતે પ્રમાણપત્રોની ચકાસણી માટે ઓનલાઈન એપોઇન્ટમેન્ટ લીધેલા અનેક ઉમેદવારો રાજ્યભરમાં વરસાદી પરિસ્થિતિના કારણે નિર્ધારિત સમયે પહોંચી શક્યા નથી. અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ, પાણી ભરાવા અને માર્ગ વ્યવહાર ખોરવાતા ઉમેદવારોને મુસાફરી કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રમાણપત્રોની ચકાસણી માટેનો નવો સુધારેલ કાર્યક્રમ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે, જેથી વરસાદના કારણે કોઈપણ ઉમેદવારને પ્રવેશ પ્રક્રિયામાં નુકસાન ન થાય. નવા કાર્યક્રમ મુજબ ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે ફરી તક આપવામાં આવશે.

ભારે વરસાદના પગલે આજની ગૌણ સેવા મંડળની વર્ગ-3ની પાંચ પરીક્ષાઓ મુલતવી

ગાંધીનગરઃ રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત પડી રહેલા ભારે અને અતિભારે વરસાદને પગલે ગૌણ સેવા મંડળના સચિવ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર જાહેરનામા મુજબ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાવા, વાહનવ્યવહાર ખોરવાવા અને પૂરની સ્થિતિ સર્જાવાની શક્યતા હોવાથી ઉમેદવારોને મુસાફરીમાં મુશ્કેલી ન પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં આવતીકાલ તા. 24 જુલાઈ, શુક્રવારે સવારે 9:00થી બપોરે 12:00 દરમિયાન યોજાનારી મહેસૂલ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સહિત કુલ પાંચ જાહેરાત ક્રમાંક હેઠળની વર્ગ-3ની તમામ પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે. મુલતવી રાખવામાં આવેલી પરીક્ષાઓની નવી તારીખો ટૂંક સમયમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે.

અમિત શાહ એક્શનમાં: મુખ્યમંત્રી સાથે વાત કરી સ્થિતિનો તાગ મેળવ્યો

કેન્દ્ર સરકારની તમામ મદદની ખાતરી, રાહત અને બચાવ કામગીરી વધુ ઝડપી બનાવવા વહીવટી તંત્રને જરૂરી દિશાનિર્દેશ

ગાંધીનગરઃ ગુજરાતમાં ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિ વચ્ચે કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહે ગુરુવારે રાજ્યની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા કરી હતી. તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિવિધ મ્યુનિસિપલ કમિશનરો તેમજ વહીવટી તંત્રના અધિકારીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરીને વરસાદની સ્થિતિ અને ચાલી રહેલી બચાવ-રાહત કામગીરીની વિગતવાર માહિતી મેળવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિવિધ વિસ્તારોમાં સર્જાયેલી સ્થિતિથી અમિત શાહને વાકેફ કર્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રીએ કેન્દ્ર સરકાર તરફથી જરૂરી તમામ પ્રકારની મદદની ખાતરી આપી હતી. સાથે જ તેમણે નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાહત અને બચાવ કામગીરીમાં વધુ ઝડપ લાવવા વહીવટી તંત્રને જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહે ખાસ કરીને અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી વધુ અસરકારક બને તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સતત સંકલન જાળવવા ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વરસાદી સંકટમાં નાગરિકોની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જરૂરિયાત મુજબ કેન્દ્ર સરકાર તરફથી દરેક પ્રકારની સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે.

અમિત શાહે રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, જનપ્રતિનિધિઓ, ભાજપ સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકરોને પણ અપીલ કરી હતી કે તેઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી પૂરગ્રસ્ત અને જરૂરિયાતમંદ નાગરિકોને શક્ય તમામ મદદ પહોંચાડે તેમજ વહીવટી તંત્ર દ્વારા ચાલી રહેલી રાહત અને બચાવ કામગીરીમાં સક્રિય સહયોગ આપે.

■ અમદાવાદમાં ભારે વરસાદને પગલે પાણી ઘરોમાં ઘૂસવાની સાથે રસ્તાઓ પર બેથી ત્રણ ફુટ પાણી ભરાઈ ગયા હતા. જેમાં અનેક કાર બંધ પડી જવાની ઘટનાઓ બની હતી. (તસવીરઃ જનક પટેલ, અમદાવાદ)

અમદાવાદમાં સરેરાશ 6.43 ઈંચ વરસાદથી જનજીવન ખોરવાયું

બાકરોલમાં 12.42 ઈંચ, સરખેજમાં 12.05 અને બોપલમાં 10.20 ઈંચ વરસાદ

વાસણા બેરેજના 20 ગેટ ખોલાયા, 50થી વધુ લોકોનું રેસ્ક્યુ, 8માંથી 6 અંડરપાસ ફરી શરૂ

અમદાવાદઃ અમદાવાદમાં આજે ગુરુવારે સવારે ધોધમાર વરસાદે મહાનગરની ગતિ થંભાવી દીધી હતી. ખાસ કરીને એસ.જી. હાઈવેને અડીને આવેલા ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ટૂંકા ગાળામાં અત્યંત ભારે વરસાદ પડતા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. શહેરમાં સવારે 8 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધીમાં સરેરાશ 163.24 મી.મી. (6.43 ઈંચ) વરસાદ નોંધાતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું સમગ્ર તંત્ર હાઈ એલર્ટ પર આવી ગયું હતું. મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની સહિતના અધિકારીઓએ કંટ્રોલ રૂમ અને ફિલ્ડમાં રહીને સતત મોનિટરિંગ કર્યું હતું. ભારે વરસાદ વચ્ચે શહેરના વિવિધ વિસ્તારોમાંથી 50થી વધુ લોકોનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું, જ્યારે વાસણા બેરેજના તમામ 20 ગેટ ખોલી વરસાદી પાણીના ઝડપી નિકાલની કામગીરી હાથ ધરાઈ હતી. ભારે વરસાદના કારણે અમદાવાદમાં જનજીવન ખોરવાઈ ગયુ હતું. ચારેકોર પાણીના ભરાવાના કારણે ઠેરઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જ્યારે વાહનો પાણીમાં ફસાઈ ગયા હતા. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે શહેરમાં સૌથી વધુ વરસાદ બાકરોલમાં 315.50 મી.મી. (12.42 ઈંચ) નોંધાયો હતો. ત્યારબાદ સરખેજમાં 306 મી.મી. (12.05 ઈંચ), બોપલમાં 259 મી.મી. (10.20 ઈંચ), સરખેજ UHCમાં 10.16 ઈંચ, જોધપુરમાં 9.98 ઈંચ, મક્તમપુરા અને જોધપુર ઝોનલમાં 9.59 ઈંચ, બોડકદેવમાં 8.96 ઈંચ, વાસણામાં 8.62 ઈંચ, થલતેજમાં 8.44 ઈંચ, મેમનગરમાં 8.31 ઈંચ અને સાયન્સ સિટીમાં 8.19 ઈંચ વરસાદ નોંધાયો હતો. અમદાવાદ મનપાના જણાવ્યા મુજબ શહેરની 43 સોસાયટીઓમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. તેમાં દક્ષિણ-પશ્ચિમ ઝોનની 18, ઉત્તર-પશ્ચિમ ઝોનની 10, ઉત્તર ઝોનની 8, મધ્ય ઝોનની 6 અને પશ્ચિમ ઝોનની એક સોસાયટીનો સમાવેશ થાય છે. તમામ સ્થળોએ પમ્પો અને વિશેષ મશીનરી દ્વારા પાણીના નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરમાં પાણી ભરાવા અંગે કુલ 102 ફરિયાદો મળી હતી. અગાઉ ઓળખાયેલા 148 વોટર લોગિંગ પોઈન્ટમાંથી 82 સ્થળોએ પાણી ભરાયા હતા. અમદાવાદના 8 અંડરપાસમાંથી 6 અંડરપાસ વાહનવ્યવહાર માટે ફરી શરૂ કરી દેવામાં આવ્યા હતા, જ્યારે 8 અલગ-અલગ રેસ્ક્યૂ ઓપરેશનમાં 50થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા.

આજે અમદાવાદમાં શાળાઓ બંધ

અમદાવાદઃ જિલ્લા કલેક્ટરની સૂચના અને મનપા કમિશનરના આદેશ પ્રમાણે અમદાવાદ શહેરની તમામ શાળાઓમાં આવતીકાલ 24 જુલાઈ, 2026ના રોજ શૈક્ષણિક કામગીરી સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પૂરની સ્થિતિને પગલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી નવસારી-વલસાડ પહોંચ્યા

આર્મી, NDRF-SDRF અને ફાયર બ્રિગેડ મેદાને, 10 વરિષ્ઠ અધિકારીઓને જવાબદારી સોંપાઈ

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાના વિકરાળ તાંડવ વચ્ચે રાજ્ય સરકારે સંપૂર્ણ સરકારી તંત્રને યુદ્ધના ધોરણે મેદાને ઉતારી દીધું છે. વલસાડ, નવસારી, સુરત અને તાપી જિલ્લામાં સર્જાયેલી પૂર જેવી પરિસ્થિતિને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શન હેઠળ બચાવ, રાહત અને સ્થળાંતરની કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પરિસ્થિતિનો તાગ મેળવવા તાબડતોડ નવસારી પહોંચ્યા હતા અને અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા કરીને કોઈપણ અસરગ્રસ્ત નાગરિક સુધી સહાય પહોંચાડવામાં વિલંબ ન થાય તેવા કડક નિર્દેશો આપ્યા હતા. બીજી તરફ વલસાડ જિલ્લામાં બચાવ કામગીરી વધુ ઝડપી બને તે માટે રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી 10 વરિષ્ઠ અધિકારીઓને જવાબદારી સોંપી છે, જ્યારે આર્મી, NDRF, SDRF, ફાયર બ્રિગેડ અને સ્થાનિક વહીવટી તંત્રે સંયુક્ત બચાવ અભિયાન શરૂ કર્યું છે.

વલસાડ જિલ્લામાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. જિલ્લા વહીવટી તંત્રની મદદ માટે આર્મીના 70 જવાનો, પાંચ બોટ, NDRFની ત્રણ કાર્યરત તથા બે વધારાની એમ કુલ પાંચ ટીમો, SDRFની પાંચ ટીમો અને ફાયર બ્રિગેડના 25 જવાનોને મેદાને ઉતારવામાં આવ્યા છે. ઉમરગામ, વાપી, ધરમપુર અને પારડી સહિતના વિસ્તારોમાંથી 500થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. નાનાપોંઢાના કોપરલી નજીક પૂરના પાણીમાં ફસાયેલી 35 મુસાફરો ભરેલી બસનું પણ સમયસર સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રભારી મંત્રી નરેશ પટેલે પણ વલસાડ પહોંચીને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી.

નવસારી જિલ્લામાં રાજ્યના નાણાં મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈએ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની મુલાકાત લઈને સ્થિતિની સમીક્ષા કરી હતી. જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાનીના જણાવ્યા મુજબ બપોરે બે વાગ્યા સુધી સરેરાશ 4.5 ઈંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે જૂજ અને કેલિયા ડેમ ઓવરફ્લો થતાં જિલ્લાના લગભગ 250 રસ્તા બંધ કરવામાં આવ્યા છે અને અંદાજે 3,000 નાગરિકોને સલામત આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. પ્રભારી મંત્રીએ આશ્રયસ્થાનોમાં આરોગ્ય, સ્વચ્છતા, પીવાના પાણી, ભોજન અને વિવિધ વિભાગો વચ્ચે અસરકારક સંકલન જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

વીજળીના જીવલેણ જોખમ સામે 'દામિની' બનશે ડિજિટલ કવચ

ગાંધીનગરઃ રાજ્યમાં બદલાતા હવામાન અને ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહીના પગલે વીજળી પડવાની ઘટનાઓ સામે નાગરિકોની સુરક્ષા માટે 'દામિની' એપને અસરકારક ડિજિટલ કવચ તરીકે રજૂ કરવામાં આવી છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટિયોરોલોજી (IITM) અને ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા વિકસાવવામાં આવેલી આ એપ વપરાશકર્તાના લોકેશનના આધારે વીજળી પડવાની સંભાવના હોય તો અંદાજે 30થી 40 મિનિટ પહેલાં મોબાઈલ પર એલર્ટ મોકલી આગોતરી સાવચેતી રાખવાની તક આપે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 24 કલાક દરમિયાન ઉત્તર અને મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આવા સંજોગોમાં સમયસર ચેતવણી મળવાથી જાનહાનિનું જોખમ ઘટાડી શકાય છે. 'દામિની' એપ 20થી 40 કિલોમીટરના વિસ્તારમાં થતી વીજળીની ગતિવિધિ દર્શાવે છે અને વપરાશકર્તાના વર્તમાન સ્થાનના આધારે જોખમ અંગે એલર્ટ આપે છે. ઉપરાંત વીજળી દરમિયાન શું કરવું અને શું ન કરવું તેની માર્ગદર્શિકા પણ ઉપલબ્ધ કરાવે છે. એપ ગુજરાતી સહિત વિવિધ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ હોવાથી સામાન્ય લોકો સરળતાથી તેનો ઉપયોગ કરી શકે છે. એપ ડાઉનલોડ કરવા માટે ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરમાં 'Damini' સર્ચ કરી ઈન્સ્ટોલ કરવી, ત્યારબાદ GPS લોકેશન અને પસંદગીની ભાષા સેટ કરવી જરૂરી છે. બદલાતા હવામાન અને અચાનક સર્જાતી કુદરતી પરિસ્થિતિઓ વચ્ચે દરેક નાગરિક પોતાના સ્માર્ટફોનમાં 'દામિની' એપ રાખીને આગોતરી ચેતવણી મેળવી સુરક્ષિત રહી શકે તે માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

પૂર પછી રોગચાળો અટકાવવા તંત્રની દોડધામ, ગાંધીનગરમાં સમીક્ષા બેઠક

મંત્રી પ્રફુલ પાનશેરીયા સુરત-નવસારીના મેદાને

ક્લોરિન ટેબલેટ્સ અને તબીબોની રિઝર્વ ટીમો સજ્જ, સગર્ભા મહિલાઓના સ્થળાંતર પર ખાસ ભાર

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ બાદ પાણીજન્ય અને મોસમી રોગચાળો ફાટી નીકળે તે પહેલાં જ રાજ્ય સરકારે આરોગ્ય તંત્રને સંપૂર્ણ એલર્ટ પર મૂકી દીધું છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં દવાઓનો પૂરતો જથ્થો, ક્લોરીન ટેબલેટ્સ, જંતુનાશકો અને તબીબોની રિઝર્વ ટીમો તૈયાર રાખવા સહિતની પૂર્વતૈયારીઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક બાદ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા પોતે જ ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિનું મૂલ્યાંકન કરવા સડક માર્ગે સુરત અને નવસારી જવા રવાના થયા હતા.

આરોગ્ય મંત્રીએ અધિકારીઓને સૂચના આપી હતી કે પૂરના પાણી ઓસરતાં જ અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક આરોગ્ય સર્વેલન્સ શરૂ કરવામાં આવે અને આશ્રય શિબિરોમાં રહેતા લોકોના નિયમિત આરોગ્ય ચેકઅપની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે. ક્લોરીન ટેબલેટ્સ, આવશ્યક દવાઓ અને જંતુનાશકોનો પૂરતો જથ્થો તમામ અસરગ્રસ્ત જિલ્લાઓમાં ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો હોવાનું પણ બેઠકમાં જણાવાયું હતું. ભારે વરસાદને કારણે સંપર્કવિહોણા બની શકે તેવા વિસ્તારોમાંથી સગર્ભા મહિલાઓને અગાઉથી નજીકના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સુરક્ષિત રીતે ખસેડવા માટે કરાયેલા આયોજનની પણ સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ જ્યાં વરસાદની અસર ઓછી છે ત્યાંથી તબીબો અને મેડિકલ સ્ટાફની વધારાની ટીમોને 'રિઝર્વ' રાખીને જરૂરિયાત મુજબ અસરગ્રસ્ત જિલ્લાઓમાં તાત્કાલિક મોકલી શકાય તેવી વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી હતી. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના વિવિધ ભાગોમાં પૂરની સ્થિતિનો સામનો કરવા તમામ નીતિવિષયક અને વહીવટી આયોજન પૂર્ણ કરવામાં આવ્યું છે. હવે મેદાન પર જઈને સ્થાનિક જરૂરિયાતોનું મૂલ્યાંકન કરી તાત્કાલિક પગલાં લેવામાં આવશે. રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ નાગરિકોના આરોગ્યની સુરક્ષા માટે સંપૂર્ણપણે સજ્જ હોવાનું તેમણે જણાવ્યું હતું.

સુડોકુ ૫૮૪૭ - 'કૃષ્ણ'

	૭			૬			૨	
૫		૨	૧					
		૧		૮		૫		૯
		૮		૭	૯		૩	
૭		૩		૪		૯	૫	૮
૧	૯	૬		૫				૪
૨		૪	૯	૧		૭		
૬		૫		૩			૯	૨
	૮				૪	૬		૩

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૫	૩	૨	૯	૮	૧	૭	૪
૯	૭	૨	૧	૬	૪	૩	૫	૮
૧	૪	૮	૭	૩	૫	૬	૯	૨
૭	૧	૬	૪	૫	૯	૨	૮	૩
૨	૮	૫	૩	૧	૭	૯	૬	૪
૩	૯	૪	૬	૮	૨	૭	૧	૫
૪	૩	૭	૯	૨	૧	૮	૫	૬
૮	૨	૯	૫	૪	૬	૫	૩	૭
૫	૬	૧	૮	૭	૩	૪	૨	૯

સુડોકુ-૭૬૬૭ ક્રિટિકલ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

માનસિક સ્વાસ્થ્ય

એક પરંપરાગત માન્યતા છે અને અમને નાનપણમાં સવારે ઊઠતાં જેનું આકર્ષણ રહેતું. રોજ સવારે પાંચ બદામ, બે અખરોટ અને દશ- બાર લાલ દ્રાક્ષ બરાબર ચાવીને ખાવી. એંસી વર્ષેય એમાં કોઈ ફેરફારની આવશ્યકતા મને જણાતી નથી. સિવાય કે હવે રાત્રે ભીંજવી સવારે ખાઈએ છીએ.

શબ્દગુંફન - ૭૨૪૮

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
1. સાસરું (5